ક્રમાક પાઆરઇ-૧૧૨૦૦૦-૧૨૩૪-ક
શિક્ષણ વિભાગ સચિવાલય
ગાંધીનગર
તા.૧૨-૫-૨૦૦૩

પ્રતિ
પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી
ગુજરાત રાજય સચિવાલય
ગાંધીનગર

વિષય- એક જ જિલ્લામાં ફરજ બજાવતા વિધ્યા સહાયકની અરસપરસ તથા પતિ પત્નીનું જોડું ભેગુ કરવાની બદલી બાબત

ઉપર્યુક્ત વિષય પરત્વેના આપના તા ૨૨-૪-૨૦૦૩ ના પત્ર ક્રમાંક પ્રાશિનિ-૦૩-ક-૪૦૮૭ અન્વયે જણાવવાનું કે વિધ્યાસહાયકની બદલી માટે અત્રેના તા ૨૮-૭-૨૦૦૦ના સમાનાંકી પત્રથી જરુરી સૂચના આપવામાં આવી હતી. ત્યાર બાદ તા ૨૬-૯-૨૦૦૧ ના અત્રેના પત્ર ક્રમાંક પીઆરઇ-૧૧૦૧-ઇએમ૩૩૩-ક થી આ સૂચનાઓ સ્થગિત કરવામાં આવી હતી.આ સૂચનાઓમાં અંશતઃ સુધારો કરીને નીચે મુજબની સૂચનાઓ આપવામાં આવે છે.

૧ વિધ્યાસહાયકની અરસ પરસ બદલી અને વિધ્યાસહાયક પતિ-પત્નીનું જોડું ભેગુ કરવા પુરતી બદલીઓ કરવાની સત્તા સંબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને આપવામાં આવે છે.

૨ પ્રાથમિક શિક્ષક કે વિધ્યાસહાયકની પણ અરસ પરસ બદલી થઇ શકશે. પરંતુ આવા કિસ્સામાં બદલી કરતી વખતે તા ૮-૫-૨૦૦૨ના ઠરાવ ક્રમાંક પીઆરઇ-૧૧૨૦૦૦-૮૦૭-(૧)-ક નિયમ-૨૧ ની જોગવાઇ સહિત અન્ય જોગવાઇઓ પણ ધ્યાને લેવાની રહેશે.

૩ જે તાલુકામાં વધુ જગ્યાઓ ખાલી હોય ત્યાં દંપતિને ભેગા કરવાના રહેશે.

૪ આ સત્તાઓ જિલ્લાની આંતરિક બદલીઓ પુરતી જ અમલી રહેશે.

ઉપર્યુક્ત સૂચનાઓ સિવાય તા ૨૮-૭-૨૦૦૦ના સમાનાંકી પત્રાંકથી આપવામાં આવેલ અન્ય સૂચનાઓની સ્થગિતતામાં કોઇ ફેરફાર કરવામાં આવતો નથી.

આ બાબતની જાણ તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને કરવા આપને સૂચિત કરવામાં આવે છે.

( એ એ નાગોરી )
અધિક સચિવ
શિક્ષણ વિભાગ